BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)
AHMEDABAD

**Devoted to Comprehensive Development of Persons With Disabilities**

For Private Circulation Only

# B.P.A. *Bulletin*

**YEAR 2024 ▲VOLUME:I ▲AUGUST - SEPTEMBER-2024** (This Bulletin is available on website: www.bpaindia.org)

BULLETIN
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## સાઈટ-સેવર સીઈઓ મુલાકાત




સાઈટ-સેવર્સ ગ્લોબલનાં ડૉ.કોરોલીન હારપર સીઈઓ અને શ્રી આર.એન.મોહન્તી સીઈઓ સાઈટ સેવર, ઈન્ડિયા તેમજ શ્રી જતિન તિવારી ડાયરેક્ટરશ્રી કોર્પોરેટ ફંડ રિઝીંગ અને સાઉથ કાર્યક્રમ સાઈટ સેવર્સ, ઈન્ડિયાએ તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૪નાં રોજ બીપીએ મુલાકાતમાં તેઓએ નેત્રનિદાન કેમ્પ મહાનગરનાં તાવડીપુરા વિસ્તારમાં કેમ્પનું નિરીક્ષણ કર્યું હતું તેમજ કાર્યનો સંતોષ વ્યક્ત કર્યો હતો. સંસ્થાનાં પદાધિકારીશ્રીઓને આ સમયે મોબાઈલ અમરિત દ્રિષ્ટિવાન સાઈટ સેવર્સ દ્વારા દાનમાં પોરેચા આંખની હોસ્પીટલ ખાતે આપવામાં આવી હતી.

## આઝાદી પર્વ - ૨૦૨૪






આઝાદીપર્વની બીપીએમાં ઉજવણી પ્રસંગે ગુજરાત સરકારનાં ચેરીટી કમિશ્નરશ્રી આર.પી.વ્યાસે મુખ્ય મહેમાનશ્રી દ્વારા ધ્વજવંદન સલામી આપી હતી.આ સાથે બકેરી ગૃપ દ્વારા દિવ્યાંગજનોની બાઈકર્સ રેલીને પણ ફ્લેગ શાનદાર રીતે આપી ૧૫મી ઓગસ્ટના આઝાદીપર્વની ઉજવણી કરવામાં આવી હતી.




## કર્મચારી ઓરીએન્ટેશન મીટીંગ

ફોર્ડ કંપની વી.ડબલ્યુ.ઓડી અને હર્ષા એજીનીયરીંગ દ્વારા દિવ્યાંગજનોની સ્કીલ વિષયક ઓરીએન્ટેડ મીટીંગ તારીખ ૨૨ ઓગસ્ટ ૨૦૨૪નાં રોજ આયોજીત કરવામાં આવી હતી. આ મીટીંગમાં દિવ્યાંગજનો પ્રત્યેનાં અભિગમ વલણો અંગે રોજગાર સંદર્ભ ચર્ચા કરવામાં આવી હતી.

## ચીફ કમિશ્નરશ્રી, દિલ્હી બીપીએ મુલાકાત

દિવ્યાંગતા ક્ષેત્રે નૈતૃત્વ કરતાં એનજીઓની મીટીંગ બીપીએ ખાતે તા.૨૪ ઓગસ્ટ ૨૦૨૪નાં રોજ કરવામાં આવી હતી. આ સમયે ભારત સરકારનાં ન્યુ દિલ્હી સોશ્યલ એમ્પાવરમેન્ટનાં ડેપ્યુટી ચીફ કમિશ્નરશ્રી પ્રવીણ અંબાસત્તા તેમજ તેમના પી.એ શ્રી રાજેશ જ્યાલ હાજર રહ્યા હતા. આ સમયે પી.ડબલ્યુ.ડી એક્ટ ગુજરાત સરકારનાં કમિશ્નર વી.જી.રાજપુત તેમજ પૂર્વ ચીફ સેક્રેટરીશ્રી ગુજરાત સરકારનાં સોશ્યલ ડિફેન્સ વિભાગનાં શ્રી પી.કે.લહેરી ઉપસ્થિત રહ્યાં હતાં.




## ડે-કેર સેન્ટર મધ્ય પ્રદેશ





સદગુરૂ સંકલ્પ નેત્ર ચિકિત્સાલય આનંદપુર (વિડિશા-મધ્યપ્રદેશ) ને ટેકનીકલ સહયોગ બીપીએ (ઈન્ડિયા) દ્વારા કરવામાં આવ્યો છે. આમ સદગુરૂ સંકલ્પ કોમ્પ્રેહેન્સીંગ રિસોર્સ અને પુનર્વસન કેન્દ્ર સી.એસ.આર નવીન ફ્લોરીન લિ. દ્વારા તા. ૩૧ જુલાઈ ૨૦૨૪નાં રોજ કરવામાં આવ્યુ છે.

આ ઉદઘાટન સમયે નવીન ફ્લોરીનનાં તેમજ શ્રી ડૉ.વિષ્ણુ જોબનપુત્રા ડાયરેક્ટર અને ટ્રસ્ટીશ્રી સદગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ તેમજ બીપીએના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિની રાવલ, ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. ભરત જોશી, શ્રીમતિ કૃપા વેલાણી, મેનેજર, બીપીએ અને સદગુરૂ પરિવાર સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

આ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગતાની વહેલી ઓળખ, પુનર્વસન, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, લાઈવહુડ સહયોગ અને સાધન સહાય સબંધી કાર્યથી દિવ્યાંગ ભૂલકાંઓને સહયોગ મળી રહેશે. સર્વે ઓળખ દરમિયાન 30 બાળકોને પ્રારંભિક રીતે જરૂરિયાત અનુસાર તાલીમ આપવામાં આવશે. આમ સદગુરૂ સંકલ્પ નેત્ર ચિકિત્સાલય અને બીપીએનાં ટેકનિકલ સહયોગથી મધ્યપ્રદેશનાં આનંદપુર આસપાસનાં દિવ્યાંગજનોને તાલીમ પુનર્વસન શિક્ષણ સહાય પ્રાપ્ત થશે.

## રસોત્સવ - ૨૦૨૪






દિવ્યાંગ ભૂલકાઓ અભ્યાસ, તાલીમ મેળવતાં સાથે સાંસ્કૃતિક રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા બીપીએ દર વર્ષે રસોત્સવનું આયોજન કરે છે. આ વર્ષે નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ (એન.એ.બી) G.S.B દ્વારા ગુજરાત અને રાજસ્થાનમાં કાર્યરત સેન્ટરનાં અભ્યાર્થી તેમજ તાલીમાર્થી, દિવ્યાંગજનોએ તા. ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ દિન દયાલ ઉપાધ્યાય હોલ, સિંધુભવન રોડ, અમદાવાદ ખાતે બપોરે ૨.૦૦ કલાકથી સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૩૦૬ દિવ્યાંગજનોએ પ્રાચીન, અર્વાચીન ગરબા, ડાન્સ, નૃત્ય એકપાત્રીય અભિનય તેમજ સામૂહિક અભિનય મીમીક્રીનો સુંદર અભિનય અભિવ્યક્ત કરતાં પ્રેક્ષક ગેલેરીમાં બેઠેલા પ્રેક્ષકોએ વન્સ મોરનાં નારા સાથે દિવ્યાંગજનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના દર વર્ષે દાતાશ્રી ઉપેન્દ્રભાઈ, પૂર્ણિમાબેન શાહ-હોમ ઈન્વેસ્ટર્સ રહ્યા હતા.તેમજ તેઓએ સમગ્ર કાર્યક્રમ નિહાળ્યો હતો.આ સમયે ડાયરેક્ટર ઓફ કોન્કોર્ડ બાયોટેકના શ્રીમતી મેઘા વૈધ આવાસ ફાયનાન્સ લિમિટેડનાં ઉપપ્રમુખશ્રી મુકેશ પુરોહિત તેમજ લીન કોલીન ફાર્માસ્યુટીકલ ઘણા સમયથી સહયોગી રહ્યા છે. આ ઈવેન્ટ માટે કોર્પોરેટ સેક્ટર સહયોગી રહ્યાં હતા. જ્યારે બીપીએએ તમામ આયોજન અને સુવિધા આપી હતી.





## સીએસઆર કંપની સહયોગ

કોન્કોર્ડ બાયોટેક લિમિટેડ કંપની દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ રમતગમતમાં વધુ કુશળતા પ્રાપ્ત કરે તે માટે સીએસઆરથી કંપનીના ડાયરેક્ટરશ્રી શ્રીમતિ મેઘા વૈધએ રૂ. ૧૦,૧૨,૦૦૦/- નો સહયોગ કર્યો હતો. જ્યારે તા. ૫મી સપ્ટેમ્બરે ૨૦૨૪ ના શિક્ષક દિવસે સંસ્થાના સેન્ટર માતર ધોળકામાં ચાલતા વિઝન સેન્ટર માટે અંકે રૂ ૧૪,૬૪૦૦૦/- ખર્ચ માટે દાન કર્યુ હતુ.




## કર્મચારી તાલીમ

ધ્યેય નિર્ધારણ અને સમય વ્યવસ્થાપન અંતર્ગત શિક્ષકશ્રીઓ અને કો-ઓર્ડિનેટરશ્રીને તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ નાં રોજ તજજ્ઞશ્રી શ્રી નંદીની ધરવારકર દ્વારા તાલીમ ખૂબજ સરળ રીતે આપવામાં આવી હતી.

## હિરાબા દિવ્યાંગ પુનર્વસન કેન્દ્ર શુભારંભ





દિવ્યાંગજનોને તાલુકા કક્ષાએ સુવિધા પ્રાપ્ત થાય તે માટે બીપીએનાં પ્રમુખશ્રી રાજુભાઈ શાહનાં મોટા ભાઈ શ્રી કનુભાઈ શાહ દ્વારા હિરાબા દિવ્યાંગ પુનર્વસન સેન્ટરનું ઉદઘાટન તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ શાહ ફેમીલી દ્વારા કરવામાં આવ્યું હતુ. આ દાન શાહ પરિવારે આપ્યું, તેમાં માનસિક માંદગીના વ્યક્તિઓ માટે વોકેશનલ યુનિટ તેમજ એસેસમેન્ટ કેમ્પ કરવામાં આવશે. આ ઉદઘાટન સમયે પુશપતિ કોટસ્પિન લિમિટેડ, કડી કંપનીના મેનેજીંગ ડાયરેક્ટરશ્રી સૌરીન પરીખ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.
આ સેન્ટરમાં બે રૂમમાં ડે-કેર સવલતો બહુ વિકલાંગ ભૂલકાંઓને આપવામાં આવશે. આ સેન્ટરને રીપેરીંગ અને રીનોવેટ કરીને દિવ્યાંગ વ્યક્તિઓને તાલુકા કક્ષાએ વધુ સેવાઓ પ્રાપ્ત થશે.






## નિવા ઈન્ડિયા સીએસઆર સહયોગ

નિવા ઈન્ડિયા પ્રા. લિ.નાં સીએસઆર સહયોગથી બીપીએમાં તા. ૨૩, સપ્ટેમ્બર ૨૦૨૪ નાં રોજ ૩૦ વ્હીલચેર, ૩૦ સ્વરોજગાર કીટ, ૩૦ સફેદ લાકડી (વ્હાઈટ કેન) અને ૨૫ ઈન્ટેકચ્યુઅલ ઈમ્પેરમેન્ટ સહાય દિવ્યાંગજનોને આપવામાં આવી હતી.

## સંમ્મિલિત ચેસ

યુનિક ઈવેન્ટ સંમ્મિલિત ચેસ ટુર્નામેન્ટ ભિલવાડા, રાજસ્થાન ખાતે યોજાય તેમાં બીપીએ દ્વારા ઈન્ક્લુઝિવ ચેસ માં રાહુલ સહાણી અને રાહુલ વાઘેલાએ જીત મેળવી હતી. આમ રાહુલ વાઘેલાનો આત્મવિશ્વાસ અને તેઓની કાબેલિયતથી ટુર્નામેન્ટ રમતા નજીકનાં સંમલિત ચેસ સ્પર્ધકો અને પ્રેક્ષકો જોઈને આશ્ચર્ય ચકિત બની રહ્યા હતા.



## સંમ્મિલિત રોજગાર સમર્થકોનું સન્માન



દિવ્યાંગજનોને હંમેશા પ્રોત્સાહિત કરતાં અને તેઓના રોજગારમાં હિમાયતિ રહેલા સાણંદ પ્લાન્ટ ફોર્ડ મોટર્સના શ્રી અનિલ પટેલ જેમણે યુ.એસ.એ ફોર્ડ કંપનીમાં ઉચ્ચ સ્તરે બઢતી પ્રાપ્ત થઈ છે અને તેમને સન્માનિત કરવામાં આવ્યા તે બદલ દિવ્યાંગજનોની શુભેચ્છા સહ અભિનંદન.

## જરૂરિયાતમંદ-ટ્રાઈસિકલ દાન



પદ્મશ્રી એવોર્ડ ન્યુરો ફિઝીશીયન તરીકે ખ્યાતનામ ડૉ. સુધીર શાહએ તેમના જન્મદિવસ ૧૯ ઓગસ્ટ ૨૦૨૪નાં રોજ જરૂરીયાતમંદ અસ્થિવિષયક દિવ્યાંગજનોને છ ટ્રાઈસિકલ તેઓનાં પરિવારે આપી હતી.

## રાષ્ટ્રીય સેમિનાર પેનલ ચર્ચા



એક્સપ્લોરીંગ ટેકનોલોજીનાં પેનલ ડિસ્કસન રાષ્ટ્રીય સેમિનાર વિશ્વ યુવા કેન્દ્ર, ન્યૂ દિલ્હી દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં બીપીએનાં શ્રી આર.પી.સોનીએ દ્રષ્ટિહીનોના શિક્ષણ અંગે તેમજ એક્સેસીબીલીટી ટેકનોલોજીની મહત્તા વિષયક બૃહદ્ જાણકારી આપી હતી. આ કાર્યક્રમનું ઉદઘાટન ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ પીડબલ્યુડીનાં સેક્રેટરીશ્રી રાજેશ અગ્રવાલે કર્યું હતું.

## વોલન્ટીયર મોબીલાઈઝ ડોનેશન



બીપીએમાં છેલ્લા એક વર્ષથી વોલન્ટીયર તરીકે સેવા અર્પતા શ્રીમતિ સોનિયા ત્રિવેદીએ તેમના મિત્ર સર્કલ ફેમિલીને બીપીએની પ્રજ્ઞાચક્ષુ બહેનો વિશે જાણકારી આપી બ્લાઈન્ડ વિમેન્સ એસોસીએશનને રૂ. પાંચ લાખનું અનુદાન કોર્પોરસ ફંડમાં આપ્યું હતુ. આ દ્રષ્ટિક્ષતિ મહિલાઓનાં પુનર્વસન કાર્યક્રમમાં આ ફંડનો ઉપયોગ કરવામાં આવશે.



## ટ્રક ડ્રાઈવર- નેત્રનિદાન

ચક્ષુ આરોગ્ય પ્રોજેક્ટ અંતર્ગત સાઈટ સેવર ફંડના માધ્યમથી દ્વિતીય રોડ સેફ્ટી કમ્પેનીંગ વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત બીપીએ દ્વારા કરવામાં આવ્યું હતું. આ નેત્ર નિદાન ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન એલ.પી.જી ટર્મીનલ લિ. વડોદરાનાં ટ્રક ડ્રાઈવરોની આંખનું નિદાન કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## મિસ ગુજરાતી - બ્યુટી




સ્વસ્થ - શારિરીક અને માનસિક ફીટનેસ સાથે સુંદરતા ધરાવતાં મિસ ગુજરાત બ્યુટીએ બીપીએની મુલાકાતે આવીને તેઓએ દિવ્યાંગ દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થી તાલીમાર્થીઓએ મોટીવેશનલ સ્પીચ આપી તેઓને જીવનમાં હકારાત્મક રીતે જીવન વ્યતીત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આમ મિસ યુનિવર્સ ગુજરાત પાર્ટીસીપેટ્સને તા. ૩૦ જુલાઈ ૨૦૨૪નાં રોજ ઉપસ્થિત રહી દિવ્યાંગજનોને પણ સુશોભન વિશે જાણકારી આપી સાથેસાથે તેઓએ બીપીએ કેમ્પસમાં સામૂહિક તસ્વીર આપી હતી.

## અંધશાળા નવરંગપુરા બીપીએ સહયોગ




દ્રષ્ટિહીનોને શિક્ષણ ક્ષેત્રમાં ટેકનોલોજીનાં માધ્યમથી અભ્યાસ કઈ રીતે થાય તે માટે આરસીઆઈના સતત શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત બીપીએનાં ટેકનોલોજીનાં મુખ્ય સિનિયર અધિકારીશ્રી આર.પી.સોનીએ ટેકનોલોજીનાં મહત્વ વિષયક પ્રેક્ટીકલ તાસમાં મહત્તા દર્શાવી હતી. આ સમયે અંધશાળા, નવરંગપુરા, અમદાવાદનાં શ્રીમતિ કલ્પના લાલવાણી અને બીપીએનાં કુંજલ તિરગર હાજર રહ્યા હતા.

## સીએસઆર સહયોગ - કચ્છ



કચ્છ કોમ્પ્રેહેન્સિવ રિહેબિલીટેશન યુનિટ ભૂજને દિવ્યાંગ બાળકોના પુનર્વસન અને ફિજીયોથેરાપી અંતર્ગત ધ દિન દયાલ પોર્ટ ઓથોરિટી, ગાંધીધામનાં સીએસઆર સહયોગ થી ૨૬ સીટની એરકન્ડીશન બસ તા. ૮ ઓગસ્ટનાં રોજ કે.સી.આર.સી ભૂજને આપવામાં આવી હતી. આ બસનું ઉદઘાટન બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતિ નંદીનીબેન રાવલે કર્યુ હતુ. આ સમયે કે.સી.આર.સી સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા.

BPA Bulletin is issued every quarter
Phone Fax :(079)26305082, 26304070
Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com
Website : : www.bpaindia.org
All donations exempted under Section 80G of the Income Tax Act, 1961
Printed and Issued by: Blind People's Association, Ahmedabad-380 015. Editor: Mrs. Nandini Rawal, Assisted by: Mr. Bhadresh Jadav, Publication Coordinator: Dr. Bhushan Punani

ONLINE SUPPORT

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm
VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.org
GlobalGiving https://tinyurl.com/33jcm3j4

blind_peoples_association
bpaindia1
bpaindia - Blind People's Association (INDIA)
@bpa_ind